| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧.૦૬.૨૦૨૬ | | |
| રજુ તારીખ | ૦૧.૦૬.૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૦૪.૦૬.૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહિનો | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૨ |

**<u>વલસાડ ના મહે. એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મા, વલસાડ</u>**

ક્રિમીનલ કેસ નં. ૪૦૯૨/૨૦૨૬
આંક : ૦૯

ફરીયાદી : શ્રી સરકાર

**-:: વિરૂદ્ધ ::-**

આરોપી : મધુબેન છોટુભાઇ હળપતિ,
રહે : ગોરગામ, વડ ફળીયા, તા.જી.વલસાડ

==========================================================

**ગુન્હો : ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ)**

==========================================================

ફરીયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી.એમ.આર.પટેલ
આરોપી તરફે : વિ.વકીલશ્રી વી.કે.પટેલ

==========================================================

**<u>:: જજમેન્ટ ::</u>**

**૧.** ફરિયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પોતાના કબજામાં વગર પાસ પરમીટે દેશી દારૂ રાખી પકડાઇ જઇ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે જેથી તપાસ કરનાર અમલદાર દ્ધારા હાલના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ તેમના વિ.વકીલ શ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપ્યા બાદ આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપી દ્ધારા પોતે ગુન્હો કબુલ ન હોવાનું જણાવતાં કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૩.** આ કામે ફરીયાદ પક્ષે આંક–૦૬ થી પંચસાહેદ નટુભાઇ મગનભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે સદર પંચસાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આશરે છએક માસ પહેલા પો.સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને ત્યાં બોલાવેલ અને એક તૈયાર ટાઇપ કરેલા પંચનામા પર તેઓની સહી કરાવેલી. આ સિવાય તેઓની રૂબરૂમાં કોઇ કાર્યવાહી થયેલ હોય કે તેઓને કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય તેવું બનેલ નથી. તેઓને એક પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે આંક–૦૭ થી રજૂ છે. સદર પંચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય કે તેઓ રૂબરૂ કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

**૪.** આ કામે ફરીયાદ પક્ષે આંક–૦૮ થી પંચસાહેદ સુરેશભાઇ ભીખુભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે સદર પંચસાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આશરે છએક માસ પહેલાં પો.સ્ટેશન પાસેથી પસાર થતા હતા ત્યારે તેઓને ત્યાં બોલાવેલ અને એક તૈયાર ટાઇપ કરેલા પંચનામા પર તેઓની સહી કરાવેલી. આ સિવાય તેઓની રૂબરૂમાં કોઇ કાર્યવાહી થયેલ હોય કે તેઓને કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય તેવું બનેલ નથી. તેઓને આંક–૦૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને કોઇ જગ્યાએ જવાનું થયેલ હોય કે તેઓ રૂબરૂ કોઇ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલ નથી.

**૫.** ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવો રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે તેમજ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ

નથી.

**૬.** ત્યારબાદ બંને પક્ષકારો તરફેની મૌખિક દલીલો સાંભળી.

**૭.** સદરહું કેસની ઉપરોક્ત હકીકતે હાલનાં કેસના આખરી નિર્ણય માટે ન્યાયના હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, સદરહું કામના આરોપીએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજામાં દેશી દારૂ ૦૪ લિટર, કિં.રૂ.૮૦૦/- નો રાખી તે મુજબ પ્રોહી એક્ટની કલમ- ૬૫ (એ) (એ) મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

૮. ઉપરોકત જણાવેલા મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને આધારે નીચે મુજબ છે ?

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>(કારણો)</u>**

**૧૦. <u>મુદ્દા નંબર : ૦૧</u>**

હાલના ગુન્હાના કામે બંને પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદોની જુબાની જો વંચાણે લેવામાં આવે તો બંને પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા છે. જેથી વિ. એ.પી.પી. ની મૌખિક વિનંતીથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ- ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટેની પરવાનગી આપેલ હોવા છતાં પણ સદર બંને પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવો આપેલ નથી અને જણાવેલ છે કે તેઓએ એક તૈયાર પંચનામામાં સહી કરેલી સહિ સિવાય પંચનામાની હકીકત વિશે તેમને ખબર નથી. આમ, હાલના ગુન્હાના કામે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી જેથી આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ પકડાયેલ હોય તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતરપણે નિષ્ફળ નીવડેલ છે. જયારે મુદ્દામાલ રીકવરી શંકાસ્પદ બનતી

હોય તેવા સંજોગોમાં અન્ય કોઈ સાહેદોને તપાસવાની જરૂરીયાત જણાઈ આવતી નથી. જેથી હાલના ગુન્હાના કામે આરોપીની સંડોવણી વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. કારણ કે મુદ્ધામાલ રીકવરી પંચનામું પુરવાર નથી. જેથી રીકવરી શંકાસ્પદ બને છે. આમ, આરોપી પાસેથી કોઈ કબજે લીધેલ મુદ્ધામાલ પકડાયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ (૨૦૧૧) ૨૬ જી.એલ.એચ. ૧ માં ઠરાવેલ છે કે " When judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date.”

આમ, જયારે ફરિયાદના કામે મહત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન કરતાં ન હોય તો માત્ર કેસની કાર્યવાહી પુરી કરવા માત્ર સર અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતાં નથી. ગુન્હાવાળી જગ્યા તેમજ રીકવરી પંચનામું પુરવાર ન હોય તેવા સંજોગોમાં આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. આ તબકકે અત્રેની અદાલતે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

ઓનકાર મનીક પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા એ હકીકત જણાવવામાં આવેલ છે કે પ્રોહીબીશન કેસમાં પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદી તેમજ અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપર જુબાની લેવાની જરૂરિયાત નથી તેમજ નીચેની અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવેલ છે. આમ, આરોપી નિર્દોષ છે તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::::: આખરી હુકમ :::::–**

- આ કામના આરોપીને ભારતિય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વ્યે ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર

ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નીકાલ કરવો.

- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) ની જોગવાઇઓનું પાલન કરવા માટે હાલના કામે અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૪.૦૬.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪.૦૬.૨૦૨૬
વલસાડ

**(આર.એમ.બારોટ)**
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,વલસાડ
કોડ નં. જીજે–૦૧૦૦૧